

## અરવલ્લી જીલ્લામાં ઠંડીનો ચમકારો

ઉત્તર પૂર્વના પવન ફૂંકાવાના કારણે રાજ્યમાં આજે ઠંડીના પ્રમાણમાં નોંધપાત્ર વધારો થતા પ્રજાજનો ઠંડીનો તીવ્ર અહેસાસ અનુભવી રહ્યા છે. અરવલ્લી જીલ્લા સહીત મોડાસા શહેરના પ્રજાજનો માગશર માસના પ્રારંભે ધ્રુજી ઉઠ્યા હતા. ઠંડીથી રક્ષણ મેળવવા પ્રજાજનો સ્વેટર, મફલર, હાથ મોજા ફરજીયાત પહેરવા મજબુર બન્યા હતા. ઠેર ઠેર તાપણા કરી ઠંડીથી રાહત મેળવવા પ્રયાસ કરતા લોકો જોવા મળ્યા હતા. ગરીબોની હાલત કફોડી બની હતી. ઠંડી શરૂ થતા ખેડૂતોમાં આનંદ છવાયો હતો.

### અરવલ્લી-સાબરકાંઠામાં દૂધના ભાવમાં સતત ઘટાડો થતા

# પશુપાલકો પશુઓ વેચવા મજબુર બન્યા

મોડાસા, તા. ૧૪

અરવલ્લી-સાબરકાંઠા જીલ્લાના દુધ ઉત્પાદકોની જીવાદોરી સમાન સાબરડેરીએ ગાય અને ભેંસના દુધમાં ટૂંકા સમયગાળામાં ત્રણ ત્રણ વાર ભાવ ઘટાડો કરતા દુધ ઉત્પાદકોમાં ભારે નિરાશા સાથે ઉગ્ર રોષે ભરાયા છે. એકબાજુ પશુઓને ખોરાક તરીકે અને વધુ દૂધ માટે આહાર તરીકે અપાતા દાણના ભાવમાં વધારો થવાની સાથે મકાઈના ભરડામાના સતત વધતા ભાવ અને ખેતી નિષ્ફળ રહેતા અને અપૂરતા વરસાદથી ઘાસચારાની પણ તીવ્ર અછત પેદા થતા પશુઓનું પાલન કઈ રીતે કરવાની મૂંઝવણ અનુભવતા અને દુધાળા પશુઓ સાથે પરિવારની જેમ લાગણીઓથી બંધાયેલા પશુપાલકો ભૂખ્યા-તરસ્યા પશુઓની હાલત ન જોવાતા મજબૂરીવશ પશુઓ વેચવા મજબુર બન્યા છે પશુપાલનને વ્યવસાય બનાવનાર લોકોની હાલત દયનિય બની છે.

સાબરડેરી દ્વારા તાજેતરમાં દૂધના ભાવમાં ઘટાડો કરી દીધો છે ગાયના દુધના ભાવ પહેલા ૨૮૭ પ્રતિ કિલો ફેટના હતા જે ઘટીને હાલમાં ૨૬૩ રૂપિયા અને ભેંસના દુધના ભાવ પહેલા ૬૮૦ કિલો ફેટના હતા જે ઘટીને હાલમાં ૬૦૦ પશુપાલકોને આપવામાં આવી રહ્યા છે જે ખુબ જ ઓછા હોવાથી પશુપાલકો ચિંતિત બન્યા છે. અરવલ્લી-સાબરકાંઠા જીલ્લામાં મોટા ભાગના પ્રજાજનો ખેતી અને પશુપાલનના શહારે પરિવારનું જીવનનિર્વાહ ચલાવે છે. મોંઘાદાટ બિયારણ, ખાતર અને મજૂરી ખર્ચ વધુ હોવાથી અપૂરતા વરસાદ અને પોષણક્ષમ ભાવ ન મળતા ખેતી કરવાથી અળગા રહે છે અને પશુપાલન કરી ઘરનું ગાડું ગબડાવી રાખે છે પરંતુ સતત દૂધના ભાવમાં ઘટાડો થતા પશુપાલકો મૂંઝવણ ભરી સ્થિતિમાં મુકાયા છે. એક પશુ (ગાય કે ભેંશ) પાછળ પશુપાલકને દરરોજ સાબરદાણ, મકાઈનો ભરડો, લીલુ ઘાસ, સુકુ ઘાસ જેવા વિવિધ ખાણ પણ પશુઓને આપવામાં આવે છે જેનો ખર્ચ ૨૦૦થી ૨૫૦ રૂપિયા સુધીનો થાય છે તદઉપરાંત વહેલી સવારથી લઈ દિવસભર પશુઓ પાછળની માવજત દુધ કાઢવાથી લઈને મંડળી સુધી પહોંચાડવાનો ખર્ચે વધી જાય છે અને સામે દુધના ભાવ અપૂરતા મળી રહ્યા છે જેની સામે એક દૂધાળું પશુ સાતથી ૮ લીટર દુધ અપાતું હોવાથી તેનું મૂલ્ય સતત ડેરી દ્વારા ફેટના ભાવ ઘટાડાતા ૧૭૫થી લઈને ૨૦૦ રૂપિયા જ ઉપજતા હોવાથી પશુપાલકોને ઘાટ કરતા ઘડામણ જેવી સ્થિતિ પેદા થતા પશુપાલકો પશુઓ નજીવા મુલ્યે વેચવા મજબુર બન્યા છે.

હિંમતપુરના કચરાભાઈ પટેલ નામના પશુપાલકના જણાવ્યા અનુસાર સાબરડેરી દ્વારા અપાતા દૂધના ભાવમાં સતત ઘટાડો કરાઈ રહ્યો છે. બીજીબાજુ સાબરદાણના ભાવ પેહલા ૧૦૨૫ હતો તેમાં ૫૦ રૂપિયાનો વધારો ઝીંકી ૧૦૭૫ કરી દેવાતા પશુપાલકો માટે પડતા પર પાટુ જેવો ઘાટ સર્જાયો છે.

કેટલાક પશુપાલકોએ તો પોતાના પ્રિય પશુઓને વેચવાના શરુ પણ કરી દીધા છે. સતત દૂધમાં કિલો ફેટ ભાવ ઘટતા જતા એક ખેડૂતની દશા ફેરવી નાખી છે. એક દુધાળી ગાયનો ભાવ ૭૦ થી ૮૦ હજારના ભાવે ખરીદી ૮ ગાયોનો તબેલો બનાવી પશુપાલનો વ્યવસાય એક વર્ષ અગાઉ શરુ કર્યો હતો પરંતુ સતત દૂધના ભાવમાં ઘટાડો થતા અને ગાયોનો નિભાવ ખર્ચ અસહ્ય બનતા ૮ ગાયનો આખો તબેલો ૮૦ હજારમાં વેચી દેવા મજબુર બનતા પશુપાલકોની વેદના સરકાર અને સાબરડેરીના વહીવટદારો સમજી દૂધના ભાવમાં વધારો કરે તેવી માંગ પશુપાલકો કરી રહ્યા છે.

# ધાનેરામાં સમાજીક સમરસતા મહાયજ્ઞ

### દેશમાંથી જાતિવાદ દૂર કરવા માટે બનાસકાંઠા જિલ્લાના ધાનેરામાં સામાજિક સમરસતા મહાયજ્ઞનું ભવ્ય આયોજન

ધાનેરા, તા. ૧૪

સામાજીક સમરસતા મહાયજ્ઞ સમિતિ ધ્વારા આજે બનાસકાંઠા જિલ્લાના ધાનેરામાં પ્રેસ કોન્ફરન્સ યોજાઈ હતી. જેમાં આ યજ્ઞથી મીડિયા મિત્રોને જાણકારી આપી હતી અને યજ્ઞમાં પધારવા માટે આમંત્રણ પણ આપ્યું હતું.

અત્યારે ભારત દેશમાં જાતિવાદ ખુબજ વધી ગયો છે અને ઉચ્ચ નીચના ભેદભાવથી અનેક વિખવાદો સર્જાઈ રહ્યા છે ત્યારે ભારત દેશમાંથી જાતિવાદ દૂર કરવા માટે બનાસકાંઠા જિલ્લાના ધાનેરામાં સામાજિક સમરસતા મહાયજ્ઞનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જેમાં આ યજ્ઞ ધાનેરામાં શહેર ત્રણ જગ્યા ઉપર યોજવાનો છે અને આ યજ્ઞમાં બધીજ જાતિના લોકો ભેગા મળી યજ્ઞ કરશે અને સાથે ભોજન પ્રસાદ લઈ જાતિવાદ ભૂલી એક ભારતીય નાગરિક તરીકે રહેશે અને કોઈજ પણ અને કાયમ માટે જાતિવાદ ભૂલવા માટે આ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારે પહેલો યજ્ઞ કેશવ વસ્તી માગશર સુદ નોમને રવિવારના દિવસે સુદર્શનનગર જીઈબીની બાજુમાં, બીજો યજ્ઞ માધવ વસ્તી માગશર વદ એકમને રવિવારના દિવસે ગાયત્રી મંદિર ધાનેરા ખાતે અને તીજો યજ્ઞ માગશર વદ નોમને રવિવારના દિવસે આશાપુરા માતાજીના મંદિરે યોજાશે અને તેમાં દરેક જાતિના ભાઈ બહેનો સહપરિવાર સાથે યજ્ઞમાં બેસી ભોજન પ્રસાદ લેશે ત્યારે આજે ધાનેરાના અગ્રણી એવા ડો. એમ. એસ. અગ્રવાલ, ડો. બી.જી. મોર, કૈલાશભાઈ ત્રિવેદી, મુકેશભાઈ ત્રિવેદી, ત્રિકમભાઈ પારગી ધ્વારા તથા સામાજિક સમરસતા મહાયજ્ઞ સમિતિ ધ્વારા આજે પ્રેસ કોન્ફરન્સ યોજી હતી અને આ મહાયજ્ઞ વિષે માહિતી આપી હતી.

# ખેડબ્રહ્મામાં સરકારી કચેરીઓનો મિલ્કત વેરો ભરવામાં ઠાગાઠૈયા

### પાંચ લાખ ઓગણીસ હજાર જેવી માતબર રકમ બાકી : પાલિકા દ્વારા ૭૮ ટકા મિલકત વેરાની વસુલાત

ખેડબ્રહ્મા, તા. ૧૪

ખેડબ્રહ્મા પાલિકામાં ક્ષેત્રફળ આધારિત એરિયા બેઝ આકારણી નક્કી કરી મિલકત વેરો ઘણા વર્ષોથી દાખલ કરવામાં આવ્યો હતો. પાલિકા દ્વારા કુલ ૧.૩૦ લાખ મિલકત વેરો વસુલ થયો છે. પણ સરકારી કચેરીઓ પાસે રૂ. ૫૧૯૮૪૦ મિલકત વેરાની રકમ બાકી છે.





ખેડબ્રહ્મા પાલિકાના પ્રમુખ જલકબેન એમ. પટેલ, ઉપપ્રમુખ અરવિંદભાઈ ઠક્કર, કારોબારી ચેરમેન ધર્મેન્દ્ર મહેતા તથા ચીફ ઓફિસર એચ.એ. લોઢાવલાના અનુસાર સને ૨૦૧૮-૧૯ના વર્ષનું વેરા માગણું રૂ. ૨.૯૨ લાખ થાય છે. જેમાં જુના વેરાનો પણ સમાવેશ થાય છે.

ક્ષેત્રફળ આધારિત એરિયા બેઝ આકારણી દર બે વર્ષે ૧૦ ટકાનો આપોઆપ વધારો થાય છે. સપ્ટેમ્બર માસમાં વેરો ભરનારને ૧૦ ટકા ખાસ વળતર આપવામાં આવે. છે. જેમાં ખેડબ્રહ્માના લોકોએ જાગરૂકતા બતાવી ચાલુ વર્ષના વેરાની ૧.૩૦ લાખ મિલકત વેરાની વસુલાત કરવામાં આવી છે. જે ૭૮ ટકા થવા જાય છે. જુના અને નવા વેરાની મળીને કુલ ૪૫ ટકા વસુલાત થઈ છે. પણ નગરમાં આવેલ સરકારી કચેરીઓ જ મિલકત વેરો ભરવામાં ઉણી ઉતરી છે. સરકારી કચેરીઓ પાસે રૂ. ૫૧૯૮૪૦ જેટલો મિલકત વેરો બાકી છે. જેમાં તાલુકા વિકાસ અધિકારી, તાલુકા પંચાયત ૧.૮૯ હજાર, માર્ગ અને. મકાન વિભાગ ૯૯ હજાર, બી.એસ.એન.એલ. ૪૪ હજાર, મામલતદાર ૮૪ હજાર, આશ્રમ શાળા અધિકારી ૪૩ હજાર, તથા નાયબ કલેક્ટર ૫૮ હજારનો સમાવેશ થાય છે. ખુદ કાયદો બનાવતા અને કાયદાનું પાલન કરાવતું તંત્ર જ પોતાની ફરજ પુરી કરવામાં બેદરકારી કરી રહ્યા છે. આ બાકી વેરા માટે પાલિકા દ્વારા જુના બાકીદાર હોવાથી માંગના બિલ અને ઓગસ્ટ ૨૦૧૮માં ૧૦ ટકા વેરામાં વળતર લેવા ખાસ પત્રો પણ લખવામાં આવ્યા હોવાનું પાલિકાના સૂત્રોએ જણાવ્યું હતું.

# "ઠંડી અમને પણ લાગે છે" અભિયાન અંતગર્ત શાળાઓમાં સ્વેટર વિતરણ કરાશે

### સદભાવના ગ્રુપ ટ્રસ્ટ દ્વારા વિરમપુર વિસ્તારની શાળામાં વિતરણ : સદભાવના ગ્રુપના યુવાનોએ ૬ દિવસ જાતે પગપાળા પ્રવાસ કરી જરૂરીયાતમંદ બાળકોનો સર્વે કર્યો એમની જરૂરિયાતો જાણી

પાલનપુર, તા. ૧૪

સદભાવના ગ્રુપ ટ્રસ્ટ દ્વારા ૧૯-૧૨-૨૦૧૮બુધવારના રોજ અમીરગઢ તાલુકાના વિરમપુર વિસ્તારના જંગલ વિસ્તારમાં આવેલ ગુડા ગામ મુકામે ગુડા, કરમદી, ડાભચિતરા-૧ અને ડાભચિતરા-૨ એમ મળી કુલ ૪ ગામોની પ્રાથમિક શાળાના બાળકોને એકત્રિત કરી "ઠંડી અમને પણ લાગે છે" અભિયાન અંતગર્ત સ્વેટર વિતરણ કાર્યક્રમ રાખવામાં આવેલ છે.

અત્રે સદભાવના ગ્રુપના યુવાનોની ટીમ છેલ્લા ૬ દિવસથી આદિવાસી વિસ્તારમાં જરૂરીયાતમંદ બાળકોનો સર્વે કરી રહી છે. સદભાવના ગ્રુપના ચેરમેન હરેશભાઈ ચૌધરીએ આવા વિસ્તારોમાં ૩ દિવસ જાતે પોતાની ટીમ સાથે રહી જરૂરીયાતમંદ બાળકોની જરૂરિયાત અંગે ખયાલ મેળવેલ. જે સર્વે અંતગર્ત જાણવા મળ્યુ કે આ વિસ્તારના બાળકો આવી કડકડતી ઠંડીમાં પણ સ્વેટર વિના





અને ઉઘાડા પગે શાળાએ ભણવા જાય છે. આવા આર્થિક પછાત બાળકોને સૌ યુવાન દાતાઓએ એકત્રિત થઈ ફંડ ભેગું કરી સદભાવના ગ્રુપના માધ્યમથી સ્વેટર અને સ્લીપર આપવાનો કાર્યક્રમ રાખેલ છે. આ કાર્યક્રમના માધ્યમથી સદભાવના ગ્રુપના ચેરમેન અને હંમેશા નીતનવા સેવાકર્યો કરી યુવાનોને હંમેશા સદકાર્યો માટે પ્રેરણા પૂરી પડતા એવા હરેશ ચૌધરીએ પોતાના વિસ્તારમાં પણ આ શિયાળાની ઋતુમાં સરકારી શાળાના જરૂરિયાતમંદ બાળકોને મદદરૂપ થવા માટે આપીલ કરી છે.

# પાણપુર પાટીયા પાસેની મોબાઈલની દુકાનમાં ચોરી

હિંમતનગર, તા. ૧૪

હિંમતનગર-વિજાપુર રોડ પર પાણપુર પાટીયા નજીક આવેલ એક મોબાઈલની દુકાનમાંથી બે મહીના અગાઉ અજાણ્યા શખ્સો અંદાજે રૂ. ૭૦ હજારથી વધુની કિંમતના મોબાઈલ તથા અન્ય ચીજવસ્તુઓની ચોરી કરી ગયાની ફરીયાદ ગુરૂવારે ગ્રામ્ય પોલીસસ્ટેશનમાં નોંધાવા પામી હતી.

આ અંગે પાણપુર પાટીયા નજીક મોબાઈલના ચોરીની ફરીયાદમાં જણાવ્યા મુજબ ગત તા. ૮-૧૦-૨૦૧૮ની રાત્રે અજાણ્યા શખ્સોએ તેમની દુકાનના શટરના તાળા તોડી અંદર પ્રવેશ કરી વિવિધ કંપનીના ૧૩ મોબાઈલની ચોરી કરી ભાગી ગયા હતા. જે અંગે અનસભાઈએ અંદાજે રૂ. ૭૦૫૧૭ના મોબાઈલ ચોરીની ફરીયાદ કરી હતી.

## આજે હિંમતનગરમાં કરદાતાઓ માટે ઓપનહાઉસ

હિંમતનગર, તા. ૧૪

સાબરકાંઠા જિલ્લાના કરદાતાઓને મુંઝવતા કેટલાક સવાલો અને તેની સમસ્યાના નિવારણ માટે શનિવારે હિંમતનગરના આયકર ભવન ખાતે ઓપનહાઉસનું આયોજન કરાયું છે. જેમાં મુખ્ય આવકવેરા કમિશ્નર-૨ પ્રદિપ મેહરોત્રા ઉપસ્થિત રહીને કરદાતાઓને માર્ગદર્શન આપશે એમ એક યાદીમાં જણાવ્યું છે.

# ધાનેરામાં ફરીથી તસ્કરો સક્રિય : બે દુકાનના પતરા તોડી કરી ચોરી







ધાનેરા, તા. ૧૪

ધાનેરામાં ઠંડીની શરૂઆત થતાની સાથે જ તસ્કરો સક્રિય બની ગયા છે અને એક બાદ એક ચોરીને અંજામ આપવાનું ચાલુ કરી દીધુ છે. ધાનેરા થરાદ હાઈવે ઉપર આવેલી બે દુકાનના પતરા તોડી દુકાનમાં પડી ચોરી કરતા ચકચાર મચી જવા પામી છે. તો બીજી તરફ દુકાન મલિક ધ્વારા ધાનેરા પોલીસને જાણ કરતા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

ધાનેરા થરાદ હાઈવે ઉપર આવેલી પૂજા પ્લાયવુડ અને દેવીકૃપા એલિમેન્યુમ નામની બે દુકાનોમાં ગતરાત્રે કોઈ અજાણ્યા ઈસમો ધ્વારા દુકાન ઉપરથી પતરા તોડી દુકાનમાં પડ્યા હતા અને દુકાનમાં તમામ ડ્રોવર ખોલી ચોરી કરી હતી. સવારે દુકાન મલિક આવી દુકાન ખોલતા દુકાનમાં ચોરી થયાનું માલુમ પડતા બંને દુકાન માલિકોએ ધાનેરા પોલીસ મથકમાં જાણ કરતા પોલીસે ઘટનાસ્થેળ પહોંચી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

# ખેડબ્રહ્મા શહેરના નવા મારવાડા વોર્ડ નં. ૭ માં રોડ પરનું દબાણ દૂર કરવા પ્રાંત અધિકારીને અરજી

ખેડબ્રહ્મા, તા. ૧૪

ખેડબ્રહ્મા શહેરના વોર્ડ નં ૬માં આવેલ નવા મારવાડામાં રોડ ન.૧ ઉપર રોડની સાઈડ પર બંને બાજુ ૩ ફૂટ જેટલો પહોળો કરવાનું કામ નગરપાલિકા ધ્વારા કરવામાં આવી રહ્યું છે. જેને લઈને સ્થાનિક લોકોએ નગરપાલિકાના અને પ્રાંત અધિકારીને લેખિત અરજી કરી દબાણ દૂર કરી કામ કરવા માંગ કરી છે.

નવા મારવાડાના રહિશ હરેશભાઈ એલ. પ્રજાપતિ, નાથાભાઈ જે પ્રજાપતિ, છગનભાઈ ડી. પ્રજાપતિ, મકવાણા મૂલજીભાઈ, વ્યાસ અરુણભાઈ, રાવલ ભરતભાઈ સહિતના ૫૦ જેટલા રહીશોના જણાવ્યા અનુસાર નવા મારવાડા રોડની પહોળાઈ ૪૫ ફૂટ છે પરંતુ મારવાડાના રહીશ પ્રજાપતિ દેવજીભાઈ માધાભાઈ અને પ્રજાપતિ ધર્માભાઈ પુંજાભાઈના ચાર પ્લોટની લંબાઈ ૭૦ ફૂટ અને પહોળાઈ ૬૦ ફૂટ છે જેમાં મંદિર બાજુ અંદાજિત ૫ ફૂટ અને રોડ બાજુ ૭ દબાણ કરેલ હોય નવા મારવાડામાં પ્રવેશતા જ વાહનોની અવર જવર હોય છે જેથી પારવાર મુશ્કેલી પડે છે અને અકસ્માત થવાનો ભય રહે છે જેથી નવા મારવાડા રહીશોએ નગરપાલિકા ચીફ ઓફિસર અને પ્રાંત અધિકારીને અરજી કરી રોડની માપણી કરી ૪૫ ફૂટ પ્રમાણે રોડનું સેન્ટર નક્કી કરી રોડ બનાવના માંગણી કરી છે.

# ધાનેરા તાલુકામાં આઉટ સોંર્સિંગ પર કામ કરતાં રોજગાર યુવાનોને ન્યાય મળશે ?

ધાનેરા, તા. ૧૪

સરકારશ્રીની યોજના તળે કોન્ટ્રાક્ટર તેમજ રોડકામ મામલતદાર કચેરી આરોગ્ય વિભાગ વગેરે કામો પર આઉટ સોંર્સિંગ તરીકે ભરતી કરવામાં આવે છે અને માનવ વેતન દ્વારા મુદત સુધી લેવાતા મુદત બાદ તેઓને છુટા કરવામાં આવે છે. તો આ રોજગારી કરતા યુવાનો ફરી રોજગારની તલાસમાં ભટકવવાનો વારો આવે છે. તેઓને કાયમી માટે કરવામાં આવે તો તેઓને દર વર્ષે રોજગાર શોધવાનો વારો ના આવે. સરકારી નોકરીઓમાં પરીક્ષા બાબતે મોટા ગોટાળા જોતાં મોટા માથાઓના બાળકો નોકરીમાં નંબર લાગે છે. ત્યારે ગરીબ વર્ગના લોકો મજુરી સીવાય કોઈ વારો આવતો નથી. સરકારશ્રી આઉટ સોંર્સિંગમાં કામ કરતાં રોજગાર યુવાનોનું શોષણ બંધ કરી યોગ્ય પગાર અને કાયમીના ધોરણે લેવામાં આવે તો નોકરી જળવાઈ રહે તેવી લોકોની માંગ છે.

# કડીના પીઆઈ ૨૫૦૦૦ રૂપિયાની લાંચ લેતા ઝડપાયા

અમદાવાદ, તા.૧૪

મહેસાણા જિલ્લાના કડી ટાઉન પોલીસમથકના પીઆઈ પી.એસ.ગઢવી આજે રૂ.૨૫ હજારની લાંચ લેતાં એસીબીના હાથે રંગેહાથ ઝડપાઈ જતાં રાજયભરના પોલીસ બેડામાં ભારે ચકચાર મચી ગઈ છે. પીઆઈ પી.એસ.ગઢવી કડી પોલીસ સ્ટેશનના કમ્પાઉન્ડ બહાર જ જાહેર રોડ પર લાંચ લેતા ઝડપાતાં ખળભળાટ મચી ગયો છે. આ સમાચારને પગલે રાજય પોલીસ તંત્રના લાંચિયા પોલીસ અધિકારીઓ-કર્મચારીઓમાં પણ ફફડાટની લાગણી ફેલાઈ ગઈ છે.

એન્ટી કરપ્શન બ્યુરોના અધિકારી દ્વારા ગોઠવાયેલા લાંચના છટકામાં આજે કડીના પીઆઈ ગઢવી અને ગ્રામ્ય રક્ષક દળ(જીઆરડી) જવાન પરાગ પટેલ આબાદ ઝડપાઈ ગયા હતા. એસીબીના અધિકારીઓએ પીઆઈ પાસેથી લાંચની રકમના રૂ.૨૫ હજાર પણ જપ્ત કરાઈ હતી. એસીબીની ફરિયાદ મુજબ, ફરિયાદીના ભાઈને પ્રોહીબિશનનાં ગુનામાં હાજર કરવા અને માર નહીં મારવા માટે કડીના પીઆઈ પી.એસ.ગઢવીએ ૨૫ હજારની લાંચ માગી હતી. પરંતુ ફરિયાદી લાંચ આપવા માંગતા નહી હોવાથી, એસીબીનો સંપર્ક કરી છટકું ગોઠવ્યું હતું. આ છટકું ટ્રેપિંગ અધિકારી વી.જે. જાડેજા(એ.સી.બી.,પોલીસ સ્ટેશન,અમદાવાદ ગ્રામ્ય તથા ટીમ)એ કે.બી. ચુડાસમા(મદનીશ નિયામક, એસીબી અમદાવાદ એકમ)ના સુપરવિઝનમાં ગોઠવવામાં આવ્યું હતું અને તેને સફળતાપૂર્વક પાર પાડવામાં આવ્યું હતું. જેમાં લાંચના છટકામાં કડીના પીઆઈ ગઢવી અને ગ્રામ્ય રક્ષક દળ(જીઆરડી) જવાન પરાગ પટેલ રંગેહાથ ઝડપાઈ ગયા હતા. એસીબીના આ સપાટાને પગલે રાજય પોલીસ બેડામાં ભારે ચકચાર મચી ગઈ છે.

### ગણપત યુનિવર્સિટી વિશેષ વ્યાખ્યાન શ્રેણી અંતર્ગત

# "ગાંધી આજે" વિષય ઉપર પ્રખર ગાંધીવાદી વિચારક, લેખક અને પત્રકાર કુમાર પ્રશાંતનું પ્રવચન યોજાશે

ગણપતવિદ્યાનગર, તા. ૧૪

ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતીના વર્ષની ઉજવણી 'સેલિબ્રેટિંગ ગાંધી જી૧૫૦ના ભાગરૂપે ગણપત યુનિવર્સિટીએ તેની વિશેષ વ્યાખ્યાન શ્રેણીમાં આ વખતે દેશના વરિષ્ઠ ગાંધીજન અને સુખ્યાત લેખક-પત્રકાર કુમાર પ્રશાંતનું પ્રવચન આગામી તા. ૧૭મી ડિસેમ્બર-૨૦૧૮ અને સોમવારના રોજ ગોઠવ્યું છે.

"ગાંધી આજે" એવા વિષય ઉપર પોતાનું અભ્યાસપૂર્ણ વ્યાખ્યાન આપવા ગણપત યુનિવર્સિટીના ખાસ મહેમાન બની રહેનારા કુમાર પ્રશાંતજી દેશના એક સુપ્રતિષ્ઠિત ગાંધીજન, લેખક, પત્રકાર અને વક્તા છે. રાષ્ટ્રના મહત્વના અને જાણીતા અનેક અખબાર-સામયિકોમાં એમના વિચાર-સમૃદ્ધ લેખો છપાતા રહે છે.

કુમાર પ્રશાંત જયપ્રકાશ નારાયણના આંદોલનના સક્રિય યુવા સાથી હતા અને હાલ તેઓ 'ગાંધી શાંતિ સંસ્થાન'ના નિયામક છે. ભારતમાં ગાંધી વિચારને તથા આઝાદીની લડાઈના ઈતિહાસને તેના ઐતિહાસિક અને વર્તમાન પરિપ્રેક્ષમાં પ્રશાંત અદ્ભૂત વક્તા છે. જે-તે વિષયની તેમની સ્પષ્ટતા અને વિષયને સમગ્રતાથી જોવાની એમની ક્ષમતા શ્રોતાને જટીલમાં જટીલ વિષયને સમજવામાં પણ ખૂબ મદદરૂપ બને છે.

# હિંમતનગરની સરકારી મેડીકલ કોલેજને ૪૨ દેહદાન મળ્યા

હિંમતનગર, તા. ૧૪

સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક એવા હિંમતનગર ખાતે કરોડો રૂપિયાના ખર્ચે ચાર વર્ષ અગાઉ સરકારી મેડીકલ કોલેજ શરૂ થઈ હતી. ત્યારે મેડીકલમાં ભણતા વિદ્યાર્થીઓને એનોટોમી વિષય માટે માનવ અંગોનો અભ્યાસ કરવા માટે ડેડબોડી સરકારને લાખો રૂપિયાનો ખર્ચ કરીને અન સ્થળેથી લાવવી પડતી હતી. પરંતુ લોકોમાં આવેલી જાગૃતિ અને માનવ અંગોના અભ્યાસ બાદ કેટલાંક અસાધ્ય રોગોનું નિદાન શક્ય બન્યું છે ત્યારે ચાર વર્ષમાં હિંમતનગર મેડીકલ કોલેજને ૪૨ દેહદાન મળ્યા છે.

આ અંગે મેડીકલ કોલેજના સુત્રોમાંથી મળતી માહિતી મુજબ ચાર વર્ષ અગાઉ જ્યારે હિંમતનગરમાં મેડીકલ કોલેજ શરૂ થઈ ત્યારે કોલેજના ડીનને માનવ અંગોના અભ્યાસ માટે જરૂરી ડેડબોડી અમદાવાદ અથવા તો અન્ય સ્થળેથી લાવવી પડતી હતી. પરંતુ રક્તદાન, નેત્રદાન અને દેહદાન અંગે સ્વૈચ્છિક અને સામાજીક સંસ્થાઓના સફળ પ્રયાસને કારણે શિક્ષિત વર્ગમાં જાગૃતિ આવ્યા બાદ અનેક લોકોએ તેમના જીવનમાં અંતિમ તબક્કામાં પોતાના મૃત્યુ બાદ પોતાનો શરીરનો અગ્નિ સંસ્કાર કરવાને બદલે તેનું દેહદાન કરવાના સંકલ્પ લઈને તે અંગે હિંમતનગરની મેડીકલ કોલેજમાં જાણ કરી હતી. જેના પ્રતાપે ચાર વર્ષમાં ૪૧ દેહદાન મળ્યા છે.

દરમ્યાન ગુરૂવારે મુળ પ્રાંતિજ તાલુકાના ફતેપુર ગામના રહીશ અને હાલ હિંમતનગર રહેતા તથા સહકારી અગ્રણી અને સાબરકાંઠા બેંકના ચેરમેન મહેશભાઈ પટેલના માતા રડીબહેન અમીચંદભાઈ પટેલનું ૮૩ વર્ષે ગુરૂવારે નિધન થતા તેણીની ઈચ્છા મુજબ પરીવારજનોની ઉપસ્થિતિમાં હિંમતનગરની મેડીકલ કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓના અભ્યાસાઅર્થે રડીબહેનનું દેહદાન કરાયું હતું. આમ મેડીકલ કોલેજને ચાર વર્ષમાં ૨૧ પુરૂષ અને ૨૧ સ્ત્રીના મળી ૪૨ દેહદાન મળ્યા છે.